માઈનસ ૩૦ ડીગ્રીમાં ડીંગુચાનો પટેલ પરિવાર ૧૧ કલાક ચાલ્યો

કેનેડા-યુએસ બોર્ડર પરના મૃતકોની ઓળખ જાહેર

બોર્ડરથી માંડ ૧૨ મીટર દૂર અમરસન નામના ટાઉનની હદમાં પરિવારે ઠંડીમાં ઠુંઠવાઈ જતાં દમ તોડ્યો હતો

અમદાવાદ, તા.૨૭

૧૯મી જાન્યુઆરીના રોજ અમેરિકા-કેનેડાની બોર્ડર પરથી મૃત હાલતમાં મળી આવેલા ચાર ગુજરાતીઓની સત્તાવાર ઓળખ જાહેર કરવામાં આવી છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે પોતાના સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર જણાવ્યું છે કે મૃતકો ભારતીય છે, અને તમામ એક જ પરિવારના છે. તેમનું મોત ઠંડીમાં થીજી જવાને કારણે થયું હોવાનું પણ પોલીસે જણાવ્યું છે. મોતને ભેટેલા ચારેય કલોલના ડીંગુચા ગામના વતની હતા. તેમની ઓળખ જગદીશ પટેલ (ઉ. ૩૯ વર્ષ), વૈશાલી પટેલ (ઉ. ૩૭ વર્ષ), વિહાંગી (ઉ. ૧૧ વર્ષ) અને ધાર્મિક પટેલ (ઉ. ૩ વર્ષ) તરીકે કરવામાં આવી છે. કેનેડાથી ગેરકાયદે રીતે અમેરિકામાં પ્રવેશતી વખતે માઈનસ ૩૦ ડિગ્રીથી પણ નીચા તાપમાનમાં આ પટેલ પરિવાર થીજી ગયો હતો, અને તેણે ત્યાં જ દમ તોડી દીધો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, બોર્ડરથી માંડ ૧૨ મીટર દૂર અમરસન નામના ટાઉનની હદમાં દમ તોડ્યો હતો. આ કેસની અત્યારસુધી બહાર આવેલી વિગતો અનુસાર, આ પરિવારને કેનેડાના વિઝિટર વિઝા મળ્યા હતા. આ મહિને જ તેઓ કેનેડા પહોંચ્યાં હતાં અને ત્યાંથી બોર્ડર ક્રોસ કરીને અમેરિકા જવા નીકળ્યા હતા. કેનેડા સ્થિત ભારતીય હાઈ કમિશન દ્વારા પણ તમામ મૃતકોની ઓળખ જાહેર કરવામાં આવી છે. સ્થાનિક પોલીસે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે પટેલ પરિવાર ૧૨ જાન્યુઆરીના રોજ કેનેડા આવી પહોંચ્યો હતો. તેમની ફ્લાઈટ ટોરેન્ટો લેન્ડ થઈ હતી. જ્યાંથી તેઓ યુએસ કેનેડાની બોર્ડર પર આવેલા પ્રાંત માનિટોબા પહોંચ્યા હતા. તેઓ અમેરિકા પહોંચવા માટે બોર્ડર ટાઉન એમરસન ગયા હતા અને ત્યાંથી માઈનસ ૩૫ ડિગ્રી તાપમાનમાં પગપાળા બોર્ડર ક્રોસ કરવા પ્રયાસ કર્યો હતો. ૧૮ જાન્યુઆરીએ તેઓ અમેરિકાની બોર્ડર ક્રોસ કરવા નીકળ્યા હતા, અને ૧૯મી જાન્યુઆરીએ ચારેયના મૃતદેહ મળી આવ્યા હતા. તેમના મૃતદેહ મળ્યા તેની આસપાસ કોઈ વાહન નહોતું મળ્યું મતલબ કે પટેલ પરિવારને એક નિશ્ચિત જગ્યાએ છોડી દેવામાં આવ્યો હતો જ્યાંથી તેણે પગપાળા પોતાનો પ્રવાસ શરુ કર્યો હતો. ૧૯ જાન્યુઆરીએ જ અમેરિકામાં ગેરકાયદે રીતે પ્રવેશતા સાત ભારતીય બોર્ડર એજન્ટ સહિત ઝડપાયા હતા. જોકે, પટેલ પરિવાર તેમની સાથે જ હતો કે કેમ તેના પર કેનેડાની પોલીસે કોઈ ટીપ્પણી નથી કરી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, પટેલ પરિવાર કાતિલ ઠંડીમાં બે બાળકો સાથે લગભગ ૧૧ કલાક સુધી ચાલતો રહ્યો હતો. કેનેડાના જે પ્રાંતમાંથી તેમના મૃતદેહો મળી આવ્યા ત્યાં ગુજરાતીઓની મોટી વસ્તી છે. જોકે, આ ઘટના બાદ સૌ કોઈ આઘાતમાં છે. પટેલ પરિવારે આખરે કોની મદદથી પગપાળા અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો તેની કેનેડાની પોલીસ ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે. જેમાં ભારત અને અમેરિકાનો પણ સહકાર લેવાઈ રહ્યો છે. મૃતક પરિવારના કોઈ સંબંધી અમેરિકા કે કેનેડામાં રહે છે કે કેમ તેની કોઈ વિગતો હજુ નથી મળી શકી.

કે. એમ. ભટ્ટ સહીત અન્ય ૧૪ કર્મચારીઓને અધિક્ષક મદદનીશ તરીકે બઢતી

ગાંધીનગર તા ૨૮

માર્ગ મકાન વિભાગની વર્તુળ કચેરીમાં મદદનીશ અધિક્ષક તરીકે કે એમ ભટ્ટને બઢતી મળતા તેમના સાથી કર્મચારી મિત્રોએ હર્ષની લાગણી વ્યકત કરી છે. માર્ગ મકાન વિભાગ દ્વારા વિવિધ ઝોનની જુદી જુદી વર્તુળ કચેરીઓ હસ્તક ફરજ બજાવતા સિનિયર કલાર્ક વર્ગ -૩ સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓને મદદનીશ અધિક્ષક વર્ગ-૩ સંવર્ગમાં બઢતી આપવાના આદેશ કરાયા છે. જેમાં પાટનગર યોજના વિભાગમાં ફરજ બજાવતા સી એસ પટેલને પંચાયત વર્તુળ ગાંધીનગર કચેરી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળમાં ફરજ બજાતવતા આર બી બારોટને એક્સપ્રેસ વે વર્તુળ અમદાવાદ, પાટનગર યોજના વિભાગ વર્તુળમાં બી જી ગજ્જરને આલેખન વર્તુળ કચેરી ગાંધીનગર,વિદ્યુત વિભાગ વર્તુળમાં ફરજ બજાવતા કુ ડી આઈ પરમાર સહીતના કુલ ૧૫ કર્મચારીઓને મદદનીશ અધિક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે.

મનપામાં સમાવિષ્ટ પેથાપુરમાં મિલ્કતવેરાના વધારા સામે આક્રોશ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકા પેથાપુરમાં રેસિડેન્સીઅલ વેરામાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. નવા સમાવિષ્ટ વિસ્તારની મિલ્કતવેરા આકરણીની ઈ-ચોપડી ગાંધીનગર મહાનગર પાલિકાની સાઈટ પ્રમાણે રેસિડેન્સીઅલ વેરામાં તોતીંગ વધારો થયો છે. વપરાશના ક્ષેત્રફળ ૧૮૫ ચો.મી.નો વર્ષ-૨૦૨૧-૨૨નો વેરો રૂપિયા ૧૨૭૦ હતો જે નવા દર પ્રમાણે વર્ષ-૨૦૨૨-૨૩ નો વેરો રૂપિયા ૪૫૭૦ થઈ ગયો છે. આમ વેરો વધી ગયો છે. વેરાનો દર ૪.૪૦ થી વધીને ૧૦ થઈ ગયો છે. નવી આકરણીમાં સરનામામાં પણ ખામીઓ જોવા મળી રહી છે. પેથાપુરને ગાંધીનગરમાં જોડાયા પછી પેથાપુરવાસીઓને ૩૬૦ ટકા વધેલા વેરાનો ઝાટકો લાગશે. હવે જોવાનું એ રહ્યું કે ૩૬૦ ટકાના વધારા સામે જનતાને કેવી નવી સવલતો મળશે.

સાંસદ આદર્શ ગ્રામ તરીકે પસંદગી પામેલ રૂપાલ પ્રા.આરોગ્ય કેન્દ્રને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનું પ્રમાણપત્ર ગઈકાલે મળ્યા બાદ આજે આ પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે રૂપાલ ટીમને એનાયત કરી કેક કાપી અભિવાદન કર્યુ હતુ. એન.ક્યુ.એસ. પ્રમાણપત્ર મેળવનાર જિલ્લાનું ત્રીજુ પ્રા.આ. કેન્દ્ર રૂપાલ બન્યુ છે. અગાઉ ઉનાવા અને પુંધરાને આયુ પ્રમાણપત્ર મળ્યુ હતુ. આજે જિલ્લા વિકાસ અધિકારીએ રૂપાલ પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી ત્યારે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સોલંકી પણ તેમની સાથે હાજર રહ્યા હતા.

કોઈપણ એક નિર્માણાધિન બગીચાને સ્વ.ખારોડ સાહેબનું નામ આપો

સેવાભેખધારી સ્વ.જી.એન.ખારોડ સાહેબની સેવાઓની સુવાસને શહેરીજનોના હૃદયમાં અમર કરવા કોઇપણ શહેરના એક બગીચાને તેમનું નામ આપવા વસાહત મહાસંઘનું આવકારદાયક સૂચન

ગાંધીનગર તા.૨૮

પાટનગરમાં સરકારમાં મુખ્ય ઈજનેર અને સંયુક્ત સચિવ જેવા પદો પર પ્રમાણિક સેવાઓ બજાવવા ઉપરાંત ગાંધીનગરમાં સેવાકાર્યોની ગંગોત્રી તરીકે ઓળખાયેલા સ્વ. જી.એન. ખારોડ સાહેબનું નામ શહેરના નાગરિકોના હૃદયમાં કાયમી સ્થાન પામે એવા હેતુસર શહેરમાં નિર્માણાધિન બગીચાના નામ સાથે તેમનું નામ જોડવા શહેર વસાહત મહાસંઘ દ્વારા માંગ કરવામાં આવી છે. વસાહત મહાસંઘ દ્વારા ગાંધીનગરના મેયર હિતેશ મકવાણાને આ બાબતે લેખિત અરજી આપવામાં આવી છે.

ગાંધીનગરમાં જરૂરીયાતમંદ નાગરિકોની તન મન ધનથી અવિરત સેવા કરવા સાથે શહેરની સિવિલ હોસ્પિટલમાં લાખ જરૂરીયાતમંદ વર્ગના દર્દીઓને નિયમિત ખબરઅંતર પૂછી તેમને ફળફળાદિથી માંડીને ભોજન સુધી તેમજ રકતની જરૂરિયાત વગેરેમાં સતત મદદરૂપ થવા સાથે શહેરની અનેક સેવાકિય સંસ્થાઓની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી અંગત પ્રસિદ્ધથી દૂર રહી પ્રેરણારૂપ સેવાકાર્યો કરવા માટે જાણીતા સ્વ.જી.એન.ખારોડ જેમણે પોતે જીવનમાં ૫૧ વખત રક્તદાન કર્યુ હતું અને શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવારોને અનાજ-કરિયાણું સહિતની માસિક જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પોતાના પેન્શનમાંથી પૂરી પાડતાં હતાં.

સાદગીભર્યું જીવન જીવતા ખારોડ સાહેબે અનેક નબળા વર્ગના પરિવારોને દત્તક પણ લીધાં હતાં અને તેમની છેલ્લા શ્વાસ સુધી અવિરત સેવાઓ કરી લોકચાહના મેળવી હતી. આવા સેવાના ભેખધારી સંત સમાન સ્વ.જી.એન.ખારોડ સાહેબનું નામ અને તેમના સેવાકાર્યોની સુવાસ શહેરીજનોના હૃદયમાં કાયમી સ્થાન મેળવે તેવા શુભ હેતુથી ગાંધીનગર શહેરમાં નિર્માણાધિન બગીચાઓ પૈકી કોઈપણ એક બગીચાને ખારો શરદનું નામ આપવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા મેયર હિતેશ મકવાણાને લેખિત રજુઆત કરવામાં આવી છે.

'નમામિ શારદામ્' અંતર્ગત આઈઆઈટીઈ સાત હજાર શૈક્ષણિક સંસ્થાઓનું અભિવાદન કરશે

ગાંધીનગર, તા. ૨૮

સમગ્ર રાષ્ટ્ર 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ગાંધીનગર સ્થિત ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ગઈકાલે ૨૭જાન્યુઆરીના રોજથી 'નમામિ શારદામ્' એટલે કે નમો માતૃભૂમિ મિશન-શારદામ્ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. સમગ્ર વર્ષ દરમ્યાન ચાલનારા આ અભિયાનની વિગતો આપતાં યુનિવર્સિટીના કુલપતિ ડો. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ સાબરમતી આશ્રમ ખાતે સમગ્ર દેશને 'આઝાદી કા અમૃત મહોત્સવ'માં સહભાગી થવા અને ભાવિ પેઢીને સ્વતંત્રતા આંદોલન અને સેનાનીઓની વીર ગાથાથી અવગત કરાવવા આહ્વાન કર્યું હતું.

રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓએ અનેક રાજકીય, સામાજિક, શૈક્ષણિક આગેવાનો સમાજને આપ્યા છે. આઝાદી પૂર્વે સ્થપાયેલી અને હાલમાં કાર્યરત એવી ૬૬૨૯ જેટલી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ મળી લગભગ ૭૦૦૦ જેટલા કેળવણીના ધામોનું યોગદાન વ્યક્તિ અને રાષ્ટ્ર નિર્માણમાં વિવિધ પ્રકારે રહ્યું છે.

સંસ્થાના યોગદાનને બિરદાવવા, અભિવાદન કરવા અને તેના વારસાને સમાજ સુધી લઈ જવા આઈ.આઈ.ટી.ઈ. દ્વારા 'નમામિ માતૃભૂમિ મિશન શારદામ' એટલે કે 'નમામિ શારદામ'ની અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમની શરૂઆત આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રાથમિક શિક્ષણ જે શાળામાંથી મેળવ્યું હતું તે મહેસાણા જિલ્લાના વડનગરની વર્ષ ૧૮૮૮ માં સ્થપાયેલ વડનગર કુમાર શાળા નં-૧ થી કરવામાં આવ્યો હતો.

ગઈકાલે યોજાયેલ સંસ્થા અભિવાદન કાર્યક્રમમાં આઈઆઈટીઈના કુલપતિ ડો. હર્ષદ પટેલ દ્વારા સંસ્થાના આચાર્ય શરદભાઈ મોદીને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીસીઈઆરટી નિયામક ડો. ટી.એસ. જોશી, જીલ્લા શિક્ષણાધિકારી એ.કે. મોઢ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ગૌરાંગ વ્યાસ, ડી.એન. હાઈસ્કૂલના આચાર્ય બાબુભાઈ પ્રજાપતિ, જીલ્લા કચેરીના અધિકારીઓ, શિક્ષક ગણ, શિક્ષક સંઘના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ટાટા ચોકડી પાસે આઈ-૨૦ કારની ટક્કરે બાઈક ચાલકને ઈજા

સે-૨૫ જીઆઈડીસી એ-૧૧ ખાતે રહેતા ઘનશ્યામભાઈ શનાભાઈ વાઘરી પીસીબી પ્લાનેટ ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ ખાતે નોકરી કરે છે. ત્યારે તેમની સાથે રહેતા સચિન સુરેન્દ્રસિંહ ચૌહાણ મિત્ર આશુતોષ જશુભાઈ વ્યાસનું પ્લેટીના બાઈક નં. જી.જે.૦૯.સી.વી.-૪૬૩૭ લઈને બંન્ને મિત્રો જમવા માટે ડી માર્ટ તરફ જઈ રહ્યા હતા.તે સમયે ટાટા ચોકડી પાસે કોલવડા તરફથી આવી રહેલી આઈ-૨૦ કાર નં. જી. જે.૨૭.સી.એફ.-૫૩૪૫ ના ચાલકે બાઈકને અડફેટે લેતા તેઓ નીચે પટકાયા હતા. સચિન ચૌહાણને ઈજા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.

૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિને જિલ્લાના ૧૩ આરોગ્ય કર્મીઓનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લાકક્ષાએ ફાર્માસીસ્ટ તરીકે ફરજો બજાવતા જાદવ આ અંગેનું પ્રમાણપત્ર અને સન્માન સ્વીકારી રહ્યા છે.

હિમવર્ષા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઓડિશામાં કોલ્ડ વેવની સ્થિતિ સર્જાવાની સંભાવના છે. આગામી ૨૪ કલાક દરમિયાન મધ્યપ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં તીવ્ર ઠંડીની લહેર પ્રવર્તશે. આ દરમિયાન મધ્યપ્રદેશના વિવિધ વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાશે. આ ઉપરાંત, આગામી ૨૪ કલાક દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને વિદર્ભમાં અને ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢના અલગ-અલગ સ્થળોએ આગામી બે દિવસ સુધી ઠંડા હવામાનની શક્યતા છે. આગામી ત્રણ દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતના મોટાભાગના ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થવાની સંભાવના નથી અને તે પછી ધીમે ધીમે ૨-૩ ડિગ્રી સેલ્સિયસ વધશે. આગામી બે દિવસ દરમિયાન પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે અને ત્યારપછી કોઈ ખાસ ફેરફાર થશે નહીં.

બિહાર બંધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિપક્ષી પાર્ટીઓએ પણ સમર્થન આપ્યું છે. જેડીયુ અધ્યક્ષ લલન સિંહે પણ વિદ્યાર્થીઓના સમર્થનમાં ટ્વિટ કરી છે. બંધને ધ્યાનમાં રાખીને રાજ્યમાં સુરક્ષા માટે પોલીસ હાઈ એલર્ટ પર છે. બિહાર અને રેલવે પોલીસે આ માટે પૂરતી તૈયારી કરી રાખી છે. આ બધા વચ્ચે પટનાના પ્રખ્યાત ખાન સરે વીડિયો જાહેર કરીને વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનું પ્રદર્શન ન કરવા વિનંતી કરી છે.

સફાઇ કામદારોના સમર્થનમાં 'આપ'નું આવેદનપત્ર

ગાંધીનગર મહાનગરપાલિકાના સફાઇ કર્મચારીઓ ઘણાં દિવસથી તેમની કેટલીક માંગણીઓને અનુલક્ષીને આંદોલન કરી રહ્યાં છે. આ આંદોલનને આમ આદમી પાર્ટી દ્વારા સમર્થન આપવા સાથે મહાનગરપાલિકા ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું તેમજ સફાઇ કામદારોને પણ મળીને તેમને સધિયારો આપ્યો હતો.

સંક્રમણ ઘટ્યું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દિકરો, સે. ૧૩ માં ૧૦ વર્ષનો દિકરો, પેથાપુરમાં ૧૦ વર્ષની દિકરીનો સમાવેશ આ સંક્રમિતોની યાદીમાં થાય છે.

શહેરમાં આજે સરગાસણમાં ૨૮, વાવોલમાં ૨૮, પેથાપુરમાં ૨૦, કુડાસણમાં ૧૪, રાંદેસણમાં ૧૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત પાલજમાં ૪, કોલવડામાં ૭, સુગડમાં ૬, ઝુંડાલમાં ૫, રાયસણમાં ૩ અને ભાટ-કોબા-જીઈબીમાં ૧-૧ કેસ નોંધાયો છે.

શહેરના સેક્ટરોમાં સે. ૫ માં ૧૬, સે. ૧૨, ૨૧, ૨૬ માં ૧૧-૧૧ કેસ, સે. ૨ માં ૧૦ કેસ તેમજ સે. ૧૩, ૨૭, ૩૦ માં ૭-૭ કેસ, સે. ૨૪ માં ૮ કેસ નોંધાયા છે. સે. ૬, ૧૪ માં ૬-૬ કેસ, સે. ૮, ૧૭, ૨૫ માં ૫-૫ કેસ નોંધાયા છે. સે. ૩, ૭, ૨૦ માં ૪-૪ કેસ નોંધાયા છે. સે. ૨૨, ૨૮, ૨૯ માં ૩-૩ કેસ નોંધાયા છે.

શહેરમાં રિકવરી રેટ ઘણો સુધારા પર હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૬૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા ત્રણ દિવસમાં ૧૫૦૦ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે ૨૮૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરી છે.

શહેરમાં જુના સેક્ટરોમાં થોડુક સંક્રમણ વધેલુ જોવા મળી રહ્યુ હોવાથી લોકોની જાગૃત્તિ વધે તે માટે વેક્સિનેશન અને સતર્ક રહેવાની અપીલ કરતી રિક્ષાઓ તંત્ર દ્વારા ફેરવવામાં આવી રહી છે. શહેરમાં આજે પણ ૧૨ હજારથી વધુ દર્દીઓ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

૧૨૪ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સઘન સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૧૨૨ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાં દહેગામ અર્બનમાં ૯ કેસ, રખિયાલમાં ૬ કેસ, સાંપામાં ૩ કેસ, ચેખલાપગી, વડવાસા, લવાડમાં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત બહિયલ, નાના જલુન્દ્રા, ખોડા, બારિયા, કડજોદરા, લિંબોદ્રા, રબારીની મુવાડી, ધારીસણા, બારોટના મોસમપુરા, સામેચી, બબલપુરા, સાણોદા, વાસણા ચૌધરીમાંથી કેસ મળી આવ્યા છે. ગાંધીનગરમાં સીઆરપીએફમાં ૬ કેસ, છાલા, કાનપુર, ગિયોડ, બીએસએફ ચિલોડા, શાહપુર, વાસણ, મોટા ચિલોડા, અડાલજ, ઉનાવા, ઉવારસદ, સોનારડામાં પણ કેસ મળી આવ્યા છે.

કલોલ શહેરમાં ૨૬ કેસ, નારદીપુર-ડિંગુચામાં ૩-૩ કેસ, ભાડજમાં ૫ કેસ તેમજ બોરીસણામાં ૨, જાસપુરમાં ૨ કેસ નોંધાયા છે. કાંઠા, પાનસર, પલોડિયા અને રકનપુરમાંથી પણ કેસ મળી આવેલ છે.

માણસામાં આજે અર્બન વિસ્તારમાંથી ૮ કેસ, ઈટાદરામાંથી ૨ કેસ, બોરૂમાંથી ૨ કેસ મળ્યા છે. આ ઉપરાંત ફતેપુરા, ગુલાબપુરા, ઈન્દ્રપુરા, રિદ્રોલ, જામળામાંથી પણ કેસ મળી આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનના તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા ઉપરાંત સઘન સર્વેલન્સ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના ગાઈડલાઈન્સના નિયમોની અમલવારી પણ જોવા તંત્રને જણાવવામાં આવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે એક હજારથી વધુ એક્ટીવ કેસ હાલ સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૦૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે વધુ ૪૧૦૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

મતદારો વધ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લામાં મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ) બનેલ છે. જ્યારે ભૌગોલિક વિસ્તારની દૃષ્ટિએ દહેગામ અને ગાંધીનગર (દ) એમ બે મોટા વિસ્તાર બને છે. મતદારોની દૃષ્ટિએ સૌથી નાનો વિસ્તાર દહેગામ અને આ પછી માણસા વિધાનસભા મતવિસ્તાર બને છે. જિલ્લામાં ૨૦૨૨ની ચૂંટણીઓ અંગે રાજકીય પક્ષોએ ધીમી ગતિએ તૈયારીઓ પણ આરંભી દીધી છે અને પેજ સમિતિ તેમજ પેજ પ્રમુખોની નિમણુંકો બન્ને પક્ષો દ્વારા હાથ ધરી દેવામાં આવી છે.

બિલ વિતરણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિશેષ થાય છે. સેકટરોમાં સ્થિત વિવિધ સરકારી કચેરીઓમાં પણ પાણીનો વધુ બગાડ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. પરંતુ પાણી ગટર વ્યવસ્થા પાછળ થતા ખર્ચની સામે ઉપયોગ કર્તાઓ મામુલી વેરાની રકમ ચુકવવામાં પણ નિરસતા સેવી રહ્યા હોવાનુ ઝુંબેશના અંતે દરવર્ષે સ્પષ્ટ થાય છે. ગત વર્ષે પણ પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશના અંતે માત્ર ૫૫ ટકા જેટલી જ વસુલાત થઈ હતી જયારે વળતર માટેની ઝુંબેશના અંતે વર્ષ દરમિયાન પણ સતત વસુલાત માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. આમછતા આટલા વર્ષોના અંતે તંત્ર વસુલાત ક્ષેત્રે સો ટકા કામગીરી કરી શકતુ નથી. શહેરમાં પાણી ગટર વેરાના બાકીદારો પાસેથી વેરો વસુલવા માટે આગામી માર્ચ મહીનામા ઝુંબેશ હાથ ધરાશે જયારે આ ઝુંબેશને અનુલક્ષી આગામી સપ્તાહમાં તંત્ર દ્વારા વેરાના બિલનુ પણ વિતરણ કરવામાં આવશે. શહેરમાં અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી રૂ ૨. ૨૫ કરોડથી વધુ વેરો વસુલવા મટો તંત્ર દ્વારા બિલ વિતરણના અંતે માર્ચના પ્રથમ સપ્તાહથી વેરા વસુલાત અભિયાન હાથ ધરાશે. આ માટે સેકટરોમાં વિવિધ ઠેકાણે વેરાની ચુકવણી માટે કાઉન્ટર પણ કાર્યરત થશે. માર્ચ દરમિયાન વેરો ચુકવનારને વિશેષ વળતરનો પણ લાભ આપવામાં આવે છે. આમછતા મહીનાના અંતે નોંધપાત્ર વેરા વસુલાત થઈ શકતી નથી જેના લીધે તંત્રના ચોપડે વર્ષો જુના બાકીદારોની સંખ્યા મોટી છે. જેના લીધે બાકી વસુલાતનો આંકડો પણ મોટો છે. પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશ દરવર્ષે હાથ ધરવામાં આવે છે. જયારે બીજીતરફ વેરા વસુલાતની પ્રક્રીયા પણ હજુ સુધી ઓનલાઈન થઈ શકી નથી. તંત્ર કક્ષાએથી સંલગ્ન અધિકારીઓ સાથે આ મામલે છેલ્લા ઘણાં સમયથી બેઠક કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી સમગ્ર પ્રક્રીયા ઓનલાઇન થાય તેદિશામાં કોઇ નક્કર આયોજન કરવામાં આવ્યુ નથી.

વાવણી કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધકેલાઇ ગયુ છે. શહેરમાં માર્ગ સુધારણા તેમજ નવા બિલ્ડીંગો બાંધવાની કાર્યયોજનાઓને અનુલક્ષી સેંકડો વૃક્ષોની કટોતી થઇ ગઇ છે. છેલ્લા એક દાયકામાં શહેરમાં હરિયાળીનો સોથ વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે. જયારે વન આરક્ષિત વિસ્તાર પણ લાંબા સમયથી જાળવણીના અભાવે ખંડેર બન્યો છે. વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં હોવાથી હાલ આ વિસ્તારમાં ગંદકી, રખડતા ઢોર અને દબાણોનો અડ્ડો છે. જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં પણ હરિયાળી સામે ખતરો મંડરાયો છે. વનતંત્ર દ્વારા આ સ્થિતિ વચ્ચે વિકાસના કામો અન્વયે થતા વૃક્ષો પૈકી કેટલાક અન્ય ઠેકાણે ટ્રાન્સપ્લાન્ટ પણ કરવામાં આવે છે. જયારે દર વર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. આગામી ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે તંત્રએ હાલ શહેરની ખુલ્લી જગ્યામાં ખોદકામ શરૂ કરી દીધુ છે. હરિયાળુ ગુજરાત અને રોડ સાઈડ રોપા ઉછેર યોજના અન્વયે નવા રોપાઓની વાવણી માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરના સે-૧ થી ૩૦ માં આગામી વરસાદી દિવસોમાં નવા ૧૨૫૦૦ રોપાઓની વાવણી કરવામાં આવશે. જેમાં વન આરક્ષિત વિસ્તારની ખાલી જગ્યા તેમજ અન્ય ખુલ્લી જગ્યાનો સર્વે કરી વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી માટે ખાડાઓ ખોદવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. દરવર્ષે વન તંત્ર દ્વારા શહેરમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે નવા રોપાઓની વાવણી સાથે તેના ઉછેર અને જાળવણી પણ યોગ્ય રીતે થાય તે અનિવાર્ય હોવાની લાગણી પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રબળ બની છે. શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી વન આરક્ષિત વિસ્તારની જાળવણીના નામે મીંડુ છે. ત્યારે ૨૪ કલાક પાણી સપ્લાય માટે નવી લાઈન નાંખવાનુ કામ પણ શરૂ કરવામાં આવ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં આ વિસ્તારમાં બાકી રહેતી ફેન્સીંગ પણ દુર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં હરિયાળાની જાળવણી અને ઉછેર માટે યોગ્ય આયોજન કરવામાં આવે તે અનિવાર્ય છે.

પાણીની સમસ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સપ્લાય આપવામાં આવે છે. પરંતુ જોડાણકર્તાઓના ઘર સુધી પહોંચતી લાઈનમાં ક્ષતિ હોવાના લીધે પાણીની પોકાર ઉઠવા પામે છે. તંત્રએ પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાના કીસ્સામાં સ્થળ તપાસ કરતા ઘણાં ઠેકાણે આ પ્રકારની સ્થિતિ જોવા મળી હતી. સેકટરોમાં ઘણાં ઠેકાણે આ સમસ્યા જોવા મળી રહી છે. જેના લીધે તંત્રએ સેકટરવાસીઓને આવા કીસ્સામાં તેમની લાઈનની તપાસ તેમજ રીપેરીંગ કરાવી લેવા માટે પણ અપીલ કરવામાં આવી છે.

૭૫ ટકા કેસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભારતમાં હજુ ડેલ્ટા વેરિયન્ટ પણ છે. ડેલ્ટા વેરિયન્ટના કારણે હોસ્પિટલમાં આવતા દર્દીઓની સંખ્યા વધે છે. હોસ્પિટલમાં આવતા તમામ કેસ ઓમિક્રોનના હોવાનું ના માનવું જોઈએ. જાન્યુઆરી મહિનામાં જીનોમ સિકવન્સ કરાયેલા ૯,૬૭૨ કેસ ઓમિક્રોન સંક્રમિત હતા, જ્યારે ડિસેમ્બર મહિનામાં ૧,૨૯૨ કેસ આવ્યા હતા.

રક્ષા પ્રણાલી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સીએટીએસએ (કાઉન્ટરિંગ અમેરિકાસ એડવર્સિરિસ થ્રૂ સેક્શન એક્ટ) પ્રતિબંધની વાત આવે છે તો આપે મને પહેલા એ કહેતા સાંભળ્યો છે, અમે આ લેણદેણના સંબંધમાં કોઈ દ્રઢ સંકલ્પ કર્યો નથી, પરંતુ આ કંઈક એવુ છે જેની પર અમે સીએટીએસએહેઠળ આ વિશેષ લેણદેણ માટે પ્રતિબંધના જોખમને જોતા ભારત સરકારની સાથે ચર્ચા કરવી જારી રાખે છે.